**Gujarat Samachar (Plus)**

**March 10, 2017**
**Pg.1**

**EDII**

# ભારતમાં ઝડપથી વિકસતા સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમનો હિસ્સો બનાવે છે

એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈ)નો બે દિવસીય વાર્ષિક ફ્લેગશિપ કાર્યક્રમ 'એમ્પ્રેસેરિયો-૨૦૧૭' કેમ્પસમાં પ્રારંભ થયો છે. દર વર્ષે ઈડીઆઈના વિદ્યાર્થીઓ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જે સ્ટાર્ટ અપ્સ, ન્યૂ જનરેશન એન્ટરપ્રિન્યોર્સ, ઈન્ડસ્ટ્રી મેન્ટર્સ, ઈન્વેસ્ટર્સ તથા વિદ્યાર્થી સમુદાય માટે એક સ્થળે એકત્રિત થઈને પોતાના ઉદ્યોગ સાહસો, અનુભવો તથા માહિતીની આપ-લે કરવાનું ખાસ પ્લેટફોર્મ પુરૂ પાડે છે તેમજ ભારતમાં ઝડપથી વિકસતા સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમનો હિસ્સો બનાવે છે. આ વર્ષના કાર્યક્રમની થીમ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમની વૃદ્ધિને બળ આપવા ઉપર હતી. જેમાં હેલ્થકેર, આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ, આઈઓટી, ઓગમેન્ટેડ રિયાલિટી, ફૂડ એન્ડ વૉટર, એજ્યુકેશન, એમએસએમઈ, ફિનટેક, મેન્યુફેક્ચરિંગ, ઈ-કોમર્સ, ટ્રાવેલ એન્ડ ટુરિઝમ, ઓન ડિમાન્ડ સર્વિસિસ, એગ્રીબિઝનેસ, વેસ્ટ ટેક એન્ડ રિન્યુએબલ એનર્જી, એનાલિટિક્સ એન્ડ બિગ ડેટા, સોફ્ટવેર એઝ અ સર્વિસ અને સિક્યુરિટી માર્કેટપ્લેસ સહિતના ક્ષેત્રો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.